# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/01/2026** **Morning : 7.10 to 7.20AM**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. ગાંધીનગરના ખોરાજમાં 35 હજાર કરોડ રૂપિયાના નવા વાહન નિર્માણનો પ્લાન્ટ મારૂતિ સુઝૂકી દ્વારા સ્થાપિત કરાશે
2. મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્યમંદિર ખાતે શાસ્ત્રીય નૃત્યના મહાકુંભ 'ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૬' નો પ્રારંભ થયો
3. હવામાન વિભાગે આગામી સાત દિવસ વાતાવરણ યથાવત્ રહેવાની સંભાવના વ્યક્ત કરી
4. પુરુષ ક્રિકેટમાં, યજમાન ભારત ઇન્દોરમાં આજે શ્રેણીની નિર્ણાયક અંતિમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GUJARAT SUZUKI PLANT

મારૂતિ સુઝૂકી ગાંધીનગરના ખોરાજમાં 35 હજાર કરોડ રૂપિયાના રોકાણથી વિશાળ નવા વાહન નિર્માણનો પ્લાન્ટ સ્થાપિત કરશે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં રાજ્ય સરકાર અને મારૂતિ સુઝૂકી ઇન્ડિયા લિમિટેડ વચ્ચે રોકાણ માટેના પત્ર સોંપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

એક હજાર 750 એકર જમીનમાં ફેલાયેલા આ નવા પ્લાન્ટમાં ચાર એકમ હશે, જેમાંથી દરેકની ક્ષમતા બે લાખ 50 હજાર કારની હશે. તેનાથી કુલ ઉત્પાદન દર વર્ષે 10 લાખ એકમ સુધી પહોંચશે. નાણાકીય વર્ષ 2029 સુધી પહેલા પ્લાન્ટથી ઉત્પાદન શરૂ કરવાનું કંપનીનું આયોજન છે. આ યોજનાનું સ્વાગત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, આ સુવિધા દેશના સૌથી મોટા અને સૌથી પ્રતિસ્પર્ધી ઑટોમૉબાઈલ ઉત્પાદન કૉરિડોરને વધુ મજબૂત બનાવશે. આ પરિયોજનાથી આસપાસના વિસ્તારોમાં આનુષંગિક એકમ અને નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ દ્વારા 12 હજારથી વધુ લોકો માટે રોજગારીનું સર્જન થવાની અને અંદાજે સાત લાખ 50 હજાર લોકો માટે રોજગારીની તકનું સર્જન થવાની અપેક્ષા છે.

----------

# MODHERA UTSAV

મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્યમંદિર ખાતે શાસ્ત્રીય નૃત્યના મહાકુંભ 'ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૬' નો ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા પ્રારંભ કરાયો હતો.

આ પ્રસગે ઉર્જા મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાનારીરી અને ઉત્તરાર્ધ ઉત્સવ દ્વારા કલા-સંસ્કૃતિના સાધકોને નવું પોષણ પૂરું પાડ્યું છે. તેમણે મોઢેરાના મહત્વ વિશે કહ્યું કે, સૂર્ય ઉર્જાનું પ્રતીક છે અને આજે આપણે દેશના પ્રથમ સોલાર ગામ મોઢેરામાં બેઠા છીએ.તેમણે સખી મંડળો દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્ટોલોની મુલાકાત લીધી હતી

ઉત્સવના પ્રથમ દિવસે રમીન્દર ખુરાના દ્વારા ઓડીસી, મીનાક્ષી શ્રીયન દ્વારા ભરતનાટ્યમ, માયા કુલશ્રેષ્ઠા દ્વારા કથ્થક, પેરી કૃષ્ણ હર્ષિતા દ્વારા ભરતનાટ્યમ, ડૉ. શ્રુતિ બંદોપાધ્યાય દ્વારા મણીપુરી અને બીના મહેતા દ્વારા કુચિપુડી નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

.................................

## WEATHER

**હવામાન વિભાગે આગામી દિવસોમાં ઠંડીમાં ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે અત્યારે પવનની દિશા ઉત્તર પશ્ચિમ ઉત્તરના પવન ફુંકાવવાને કારણે આગામી 7 દિવસ વાતાવરણ યથાવત રહશે અને અમુક વિસ્તારમાં તાપમાન વધશે.**

**(બાઈટ : રામાશ્રય યાદવ, હવામાન વિભાગના વૈજ્ઞાનિક)**

**નલિયામાં લઘુતમ તાપમાન 10.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ લઘુતમ તાપમાન 15 ડિગ્રી આસપાસ રહેવાનું અનુમાન છે.**

...............................

## Sparrow Conservation - Gandhinagar

ઉત્તરાયણમાં પર્વ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા પક્ષીઓની સુરક્ષા માટે કરૂણા અભિયાન ચલાવવામાં આવે છે. પ્રકૃતિ સંરક્ષણ માટે સરકારના અને વ્યક્તિગત સ્તરે અનેક પ્રયાસો ચાલે છે. ગાંધીનગરમાં 'ચકલીની માં' તરીકે ઓળખાતા કુસુમબેન સુથાર આવા જ પ્રકૃતિપ્રેમી છે, જે છેલ્લા ત્રણ દાયકાથી ચકલીઓને બચાવવા માટે મહેનત કરી રહ્યા છે. ગાંધીનગરના ઈન્દ્રોડા નેચરપાર્કમાં ફરજ બજાવતા શ્રીમતી સુથાર ચકલી બચાવવા માત્ર જાગૃતિ કાર્યક્રમો જ નથી યોજતા, પરંતુ લોકોને ચકલીના માળા આપી ચકલીના સંરક્ષણ માટે પ્રોત્સાહન પૂરુ પાડે છે.

(બાઈટ : શ્રીમતી કુસુમબહેન સુથાર, ગાંધીનગર)

...............................

## ARVALLI - POLICE BHARTI

અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા આગામી પોલીસ ભરતીને લઈને ઉમેદવારોને તૈયારીમાં ફિઝિકલ ફીટ રહેવા અને પ્રેક્ટીકલ પરીક્ષામાં સહાય બનવા મેદાન પૂરું પાડવામાં આવ્યું છે. દરરોજ સરેરાશ સવાર સાંજ સો થી દોઢ સો ઉમેદવારો દોડવા માટે આવી રહ્યા છે. અરવલ્લી જિલ્લા પોલિસ વડાના માર્ગદર્શન હેઠળ રીઝર્વ પોલિસ ઈન્સ્પેક્ટર કચેરીની ટીમ દ્વારા ઉમેદવારોને જરૂરી માર્ગદર્શન

અને માહિતી પુરી પાડવામાં આવી રહી છે. પરીક્ષાની તૈયારી કરતાં એક ઉમેદવાર અનિલ ખાંટે પોતાનો પ્રતિભાવ આ મુજબ આપ્યો હતો

(બાઈટ : અનિલ ખાંટ, ઉમેદવાર)

.................................

## SOMNATH-BILVAPATRA

શ્રી સોમનાથ ટ્રસ્ટે મહાશિવરાત્રીના પાવન પર્વે ભક્તો માટે 25 રૂપિયામાં બિલ્વપૂજા કરી લોન્ચ કરી છે. ભક્તો ઘરે બેઠા ઓનલાઇન માત્ર 25 રૂપિયામાં નોંધાવી શકશે સોમનાથ મહાદેવની બિલ્વપૂજા કરી શકશે અને ભક્તોને નમન,રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ પોસ્ટ મારફત ઘેર બેઠા મળશે.

આ અંગે સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ વધુ વિગતો આપી

(બાઈટ : વિજયસિંહ ચાવડા, જનરલ મેનેજર સોમનાથ ટ્રસ્ટ)

.................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી

**વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

# AMBAJI - GOLD DAAN

બનાસકાંઠા જિલ્લામાં આવેલા અંબાજી શક્તિપીઠ દેવસ્થાન ટ્રસ્ટ ખાતે અમદાવાદના માઈભક્ત દ્વારા ૭૨ લાખની કિંમતનું ૫૦૦ ગ્રામ સોનું અર્પણ કરાયું હતું.

આ પ્રસંગે મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવાયું કે આ સોનાનો ઉપયોગ માતાજીના નીજ મંદિર અને શિખરના સુવર્ણ મઢવાના કાર્યમાં તેમજ અન્ય ધાર્મિક પ્રકલ્પોમાં કરવામાં આવશે.

.................................

# Pashupalan shibir

પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ખળી ગામે ધારાસભ્ય બળવંતસિંહ રાજપુત દ્વારા જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર ખુલ્લી મૂકવામાં આવી હતી. આ શિબિરમાં જીલ્લાના વિવિધ ગામોમાંથી અંદાજે ૩૫૦ પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મહિલા વિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી.

ધારાસભ્ય શ્રી રાજપૂત એ જણાવ્યું હતું કે, આવી પશુપાલન શિબિરો અને પ્રદર્શનથી ખેડૂતોને આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા અને વધુ દૂધ ઉત્પાદન સાથે વધુ આવક મેળવવી તે માટે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન મળતું હોય છે.

.................................

## Odi

પુરુષ ક્રિકેટમાં, યજમાન ભારત આજે ઇન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે શ્રેણીના નિર્ણાયક ત્રીજા અને અંતિમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે.

આ મેચ બપોરે 1.30 વાગ્યે શરૂ થવાની છે. વર્તમાન શ્રેણી 1-1થી બરાબર છે, જેમાં ભારતે પહેલી મેચ જીતી હતી અને ન્યુઝીલેન્ડ બીજી મેચ જીતી હતી. ન્યુઝીલેન્ડ 1989 થી દ્વિપક્ષીય એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ માટે, પરંતુ ભારતમાં ક્યારેય શ્રેણી જીતી શક્યું નથી.

.................................

## Prabhari mantri -kutch

કચ્છ જિલ્લામાં પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયતના અધિકારીઓ તથા પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠક માં પ્રભારીમંત્રી દ્વારા “No pending” નું સુત્ર આપનાવી ગત વર્ષોના બાકી કામો અને નવા કામો ગુણવત્તાયુક્ત તથા સમયમર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ કરાઇ.

પ્રભારીમંત્રી તથા રાજ્યમંત્રીએ બેઠકમાં રજૂ થયેલા કામ અંગેના પ્રશ્નોએ સંબંધિત અમલીકરણ અધિકારીઓ પાસેથી પડતર તથા પ્રગતિ હેઠળના કામો અંગે સમયમર્યાદામાં તેમજ ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી.. રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા દ્વારા અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓએ સંકલનમાં રહી કાર્ય કરવા અનુરોધ કર્યો હતો.

………………………………